॥ तत्सत् परमात्मने नमः ॥

શ્રી તીલક નાટક સમાજ.

વીર કેશરી.

નાટકનાં ગાયનો.

રચનારઃ—ગૌરીશંકર ત્રિભુવન ઉપાધ્યાય રાજકવી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ચીમનલાલ ઓંકારદાસ દલાલ.

શ્રી તીલક નાટક સમાજના માલેક.

હાલમુ. શાન્તિભુવનથીએટર પાનકોરના નાકે—અમદાવાદ.

આવૃત્તિ ત્રીજી. પ્રત ૩૦૦૦.

સને ૧૯૨૧. સંવત ૧૯૭૭.

આ પુસ્તક જૈન એડવોકેટ પ્રી. પ્રેસમાં શા. ચીમનલાલ
ગોકળદાસે છાપ્યું છે, ઘીકાંટા વાડી—અમદાવાદ.

કિંમત રૂ. ૦-૪-૦.

વીર કેશરી નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

પ્રવેશ ૧લો—સ્થળ વિતસ્તા જેલમાં નદીનો કીનારો, રાજરજવાડાઓની સભા, સીકંદર મહાન એલેકઝાંડરને નદી ઉતરતો અટકાવી યુદ્ધ કરવાની ક્ષત્રિ રાજકર્તાઓએ પ્રતિજ્ઞા કરવી, ઇંદીરાકુમારીએ યુદ્ધમાં વિજય મેળવનારને પરણવાની પ્રતિજ્ઞા કરવી, જય માટે હીંદદેવી પ્રગટ થઇ આશીષ આપવી, સીકંદરના દુત એક્રિસ્ટીયનને સભામાં બોલાવવો, દુતે રાજકર્તાઓને સંધી કરી માર્ગ આપવાનો સીકંદરનો પેગામ સંભળાવવો, પુરૂરાજ (પૌરસ) પ્રમુખ સર્વ રાજકર્તાઓએ સીકંદરનો નાકબુલ કરી યુદ્ધ આરંભવાનો જવાબ આપવો તેથી સીકંદરશાહ સાથે દુતે કરેલા સંકેત મુજબ એક તીલસ્માતીક સંદુક કે જે વાપરે તેના જોરથી દુત સભામાંથી અંબાલીકા રાજકુમારીનું હરણ કરી ચાલ્યો જાયછે.

ટેબ્લો.

પ્રવેશ ૨ જો—સ્થળ રાજમહેલ પાસેનો રસ્તો, ગુણવંતી તથા સુહાસીની પોતાના પતિ કે જેઓ પરસ્ત્રીલંપટ છે તેઓને ભય પમાડી યુક્તિથી ઠેકાણે લાવવાની આમનસામન સલાહ કરે છે, તેવામાં ત્યાં રાહુમલ આવે છે, સુહાસીની તરફ પ્યારના ઉભરા કાઢે છે, સુહાસીની તેને મળતી થઈ પોતાને મુકામે આવવા કહે છે રાહુમલ જાય છે, બાદ પોકળસીંહ આવે છે, ગુણવંતી પ્રત્યે પ્યાર જાહેર કરેછે, તે પણ પોકળસીંહને પોતાના મુકામે આવવા કહેછે.

પ્રવેશ ૩ જો—સ્થળ જેલમાં નદીનેકીનારે સીકંદરની છાવણી, એક્રિસ્ટીયન અંબાલીકાને ઉઠાવી લાવી તેને શાહ સાથે સંધીના કરાર કરવા

સમજાવે છે, ભય આપે છે, અંબાલીકા તે વાતને તરછોડી કાઢેછે, બંનેમાં રસાકસી, હથીયારોથી પરસ્પર હલ્લો કરે છે, સંકેત મુજબ સીકંદરશાહનું ત્યાં અચાનક આવ્યાનો ડોળ કરી આવવું એક્રિસ્ટીયનને જબરી કરતાં રોકવો, એક્રિસ્ટીયનનું જવું, અંબાલીકા સીકંદરને જોતાંજ મોહ પામે છે, સ્વદેશ પ્રત્યેની લાગણી જતી રહે છે. સીકંદરશાહ અંબાલીકા પ્રત્યે માનભરી રીતે વિનય કરે છે. અંબાલીકા પ્રેમાસક્ત બની સીકંદરને અનુમોદન આપે છે. સીકંદર આશ્ચર્ય સાથે અંબાલીકાના મનનો ફેરફાર સમજી જાય છે. અને તેનો લાભ લઇ અંબાલીકા તરફ દીલસોજી જાહેર કરે છે, અંબાલીકા મરમાળી ભાષામાં શાહનો પ્રેમ માગે છે. સીકંદર વિષય વીલાસને ધીક્કારનાર હોવાથી અંબાલીકાની માંગણીને અંતરથી નાકબુલ કરે છે. પણ રાજ્ય પ્રકરણીય નીતીને અનુસરી સમયાનુસાર અંબાલીકાના પ્રેમનો સ્વીકાર કરે છે. અંબાલીકા પંજાબ દેશ જીતાવી આપવાની, પુરૂરાજને કેદ કરવાની, તથા છુપી રીતે અચાનક હલ્લો કરવાની યુક્તિ બતાવે છે. બદલામાં પોતાના બંધુ તક્ષસીલને પંજાબનું રાજ્ય આપવા તથા ઇંદીરા રાજકુમારી તેની સાથે પરણાવી આપવાની શરત કરે છે. સીકંદર સર્વ કાંઇ કબુલ કરે છે. તેવામાં અચાનક નદીમાં મહાન જળચર પ્રાણી જેવું તરતું દેખાય છે. સીકંદર અને અંબાલીકા તે જોવા નદી કાંઠે જાય છે. જળચર પ્રાણી સ્ટીમરનાં રૂપમાં ફેરવાઇ જાય છે. સેના સાથે પુરૂરાજ તેમાં માલમ પડે છે. સીકંદરને મનઃ ભીત કરી પુરૂરાજ અંબાલીકાને છોડાવી જાય છે.

ટેબ્લો.

પ્રવેશ ૪ થો—સ્થળ ઇંદીરાનો મહેલ, સુંદરી અને સાહેલીઓનો પ્રેમસૃંગાર સંબંધી આનંદી વાર્તાલાપ, ઇંદીરા તેજસીંહ વીગેરે આવેછે

લડાઇમાં ઉતરવા સૈન્ય વ્યવસ્થા કરે છે, તેગસીંહ પોતાના પુત્ર સરોજને દેશસેવામાં રજુ કરે છે. તેગસીંહને લશ્કર લઈ આવવા, જવાનો હુકમ, ઇંદીરાનું આરામ માટે જવું. પુરૂં પ્રેમી સરોજ અને સુંદરીનો પ્રેમી મેળાપ.

પ્રવેશ ૫ મો—સ્થળ તક્ષશીલનો મહેલ તક્ષશીલ ઇંદીરાને મેળવવા માટે યુદ્ધમાં વિજય મેળવવા નીશ્ચય કરે છે. ઇંદીરા આવે છે. તક્ષશીલની આસક્તી. યુદ્ધમાં વીજયી થવા ઇંદીરાનું કહેવું. તક્ષશીલ અંદર જાય છે. અંબાલીકાનું આવવું, ઇંદીરા અને અંબાલીકાની સીકંદર સંબંધે વાતચીત, અંબાલીકા શાણુપતથી ઇંદીરાને ફોડવાની તજવીજ ચલાવે છે, ઇંદીરા તેનો આશય સમજી જાય છે, બન્નેમાં મતફેર. વાદવીવાદ અને વીરૂદ્ધતા. ઇંદીરા જાય છે. તક્ષશીલ આવે છે અંબાલીકા તક્ષશીલને ભંભેરે છે, ઇંદીરા પુરૂને ચાહે છે, અને પ્રતિજ્ઞા કરી છે તે એક પુરૂના લાભ માટેજ છે, એવું ઠસાવે છે, બગીચામાં પુરૂ તથા ઇંદીરાને છુપા મળેલા બતાવી આપવાનો ઠરાવ કરે છે.

પ્રવેશ ૬ ઠો—ઇંદીરાનો બાગ, ઇંદીરા પુરૂ સંબંધે પ્રેમોદ્દગાર કાઢે છે, પુરૂરાજ આવે છે, ઇંદીરા તેને અંબાલીકાના ફરેબની હકીકત જણાવે છે, પુરૂ તેઓ પુરૂષને છોડી દેવા વીચાર રાખે છે, ઇંદીરા તક્ષશીલને હાથપર રાખવાની સલાહ આપે છે, પુરૂ તે સલાહ માને છે, અંબાલીકા તક્ષશીલ સાથે આવી પુરૂ અને ઇંદીરાને ગુપચુપ વાતો કરતાં બતાવે છે, તક્ષશીલ તે જોઇ બ્હેમાઇ ક્રોધ પામે છે.

પ્રવેશ ૭ મો—સ્થળ પોકળસીંહનો મુકામ, સુહાસીની પાસે રાહુમલ આવે છે, કામક્રીડાની માંગણી કરે છે. સુહાસીની તેને બનાવે છે, સંકેત મુજબ ગુણુવંતી પુરૂષ વેશમાં ત્યાં આવે છે, રાહુમલ છુપાય છે, ગુણુવંતી રાહુમલને બનાવવા ઉટપટાંગ વાત્તો ચલાવે છે. ગુણુવંતી જાહેર થાય છે,

ધારણા પ્રમાણે પોકળસીંહ આવે છે, રાહુમલ ગભરાય છે; તેને ઓ-વેશ પહેરાવી સુંદરી તરીકે રજુ કરે છે. ગુણવંતી ઘરમાં છુપાઇ છે, પોકલ બંદર આવે છે, સ્ત્રીરૂપે રાહુમલને જોઇ આશક થાય છે; સુહાસીની રાહુમલને ખુલ્લો પાડે છે, પોકલસીંહ વ્હેમ ખાય છે, સુહાસીની ઉલટીટાંગ પોકળના ગળામાં નાંખે છે, પરસ્ત્રી લંપટને પ્રત્યક્ષ પકડી પાડવાની યુક્તિ કરી છે, એમ સમજાવી પોકલને શરમીંદો બનાવે છે, રાહુમલ જાન બચ્યો સમજે છે.

પ્રવેશ ૮ મો તક્ષશીલનો મહેલ, ખેદીત બનેલો તક્ષશીલ તેને અંબાલીકા આવી વિશેષ ઉસ્કેરે છે, સીકંદરથી મીત્રતા કરવા અને પુરૂને પકડાવી દેવા, ઇંદીરાને પકડી કબજે લેવા સલાહ આપે છે, વ્યગ્ર મનનો તક્ષશીલ ઇંદીરાને મેળવી આપવાની કબુલાત લઇ તેમ કરવા કબુલ થાય છે, ઇંદીરા આવે છે, તક્ષશીલ તેની પાસે પ્રેમ માંગે છે. ઇંદીરા પોતાની શર્તના સબબથી હાલ તેમ ન કરી શકવા લાચારી જણાવે છે તક્ષશીલ લડાઇમાં ન ઉતરવાને પોતાનો ઠરાવ જણાવે છે. ઇંદીરા ઉપાલંભ કરે છે, અંબાલીકા સંકેત પ્રમાણે સેના સાથે ઇંદીરાને કેદ કરે છે.

ટેબ્લો.

પ્રવેશ ૯ મો—જેહલમ નદી કાંઠે કીલ્લો અંબાલીકાની યુક્તી મુજબ સીકંદર સેના સાથે નદી તરી આવે છે. દગાનો શોર પોકાર થાય છે પુરૂરાજ જુજ સેન સાથે આવી પહોંચે છે. યુદ્ધ થાય છે. પુરૂ સીકંદરને હંફાવે છે તેટલામાં પાછળથી આવી તક્ષશીલ પુરૂ-રાજને કેદ કરે છે.

ટેબ્લો.

અંક બીજો.

પ્રવેશ ૧ લો—સ્થળ તક્ષશીલના મહેલમાં સીકંદરનો દરબાર વીજયના નૃત્યગીત. પુરૂરાજ પર અંતરની ચાહના હોવા છતાં કસોટી કરવા માટે ઉપરથી નારાજી બતાવવાની એફીસ્ટીયનને સુચના કરી તેને પુરૂરાજને બોલાવી લાવવા મોકલે છે. પુરૂરાજનું કેદી હાલતે આવવું, સીકંદરે તેને માફી માંગી સંધીના કરાર કરવા કહેવું. પુરૂરાજે તે વાત ઈન્કાર કરવી, શાહે છળથી કરેલા વિજયને નાકબુલ કરવો. સીકંદરે બહાનાથી પુરૂને સમજાવવા પ્રયત્ન કરવો. પુરૂએ તેથી ચલીત ન થતાં શાહને નીતીનો બોધ કરવો. સીકંદરે દમ ભરાવો, પુરૂએ દ્રઢતાથી તેનો જવાબ વાળવો. તલવાર બાજીની માંગણી, એફીસ્ટીયને અંબાલીકા તથા તક્ષશીલે પુરૂ સાથે તલવાર બાજીમાં ન ઉતરવા શાહને સલાહ આપવી, વીર ધર્મને અનુસરી સીકંદરે પુરૂરાજની માગણી માટે પ્રસન્નતા જણાવી પુરૂરાજને મુકત કરી તેની તલવાર આપવી. પુરૂરાજ તથા સીકંદરનું દંદયુદ્ધ. સીકંદરની હાર, એક ગ્રીસ સરદારે શાહના બચાવમાં રહી પુરૂરાજને જખમી કરવો, સીકંદરે સરદારના અનિતીના કૃત્યપર ક્રોધ કરી તેનો વધ કરવા જલ્લાદને કહેવું. પુરૂરાજે તેને ક્ષમા આપવા શાહને કહેવું. સરદારનો જલ્લાદના હાથથી બચાવ.

ટેબ્લો.

પ્રવેશ ૨ જો—રાહુમલનો મુકામ, સુહાસીની તથા ગુણવંતીનો સંકેત પોકળસીંહનું આવવું, કામક્રીડાની આતુરતા, ગુણવંતી બહાનાં બોળાને વખત વીતાવવો, ધારણા પ્રમાણે રાહુમલનું આવી લાગવું, પોકળનું ભયભીત થવું, તેને પુતળું બનાવી ઉભો રાખવો, રાહુમલનું અંદર આવવું, પુતળું જોઇ વિસ્મય, ગુણવંતીએ

જાણી જોઇને ફેંસલો કરવા દેવો, રાહુમલે વ્હેમ ખાઇ પુતળાને તપાસવું. પોકળસીંહ ખુલ્લો પડવો આ ગોટાળાનો,ખુલાસો માગવો, ગુણવંતીએ રાહુમલને ચતુરાઇથી ઉલટો સપડાવવો, સુહાસીનીએ બહાર આવી રાહુમલ કયાં છે તે પુછવું, રાહુમલ તથા પોકળ બન્નેનું ગભરાવવું, સુહાસીનીએ રાહુમલ પોતાને ચાહે છે, તેવી વાત કરવી. રાહુમલે યુક્તિથી પોતાના બચાવમાં કોઇ બીજોજ મારો વેશ લેનાર તેને ચાહનાર છે એવો જવાબ દેવો અને તેને પકડી લાવી બતાવવાને બહાને ખસી નીકળવું. પોકળસીંહે ભયથી સમજી જઇ પશ્ચાતાપ કરવો. પોકલને ગુણવંતીની સીખામણ, સુહાસીંનીપર પોકળનો પ્રેમ.

પ્રવેશ ૩ જો—સ્થળ તક્ષશીલનો મહેલ, સીકંદરના વિજયના માનમાં મીજલસની તૈયારી, અંબાલીકા તથા તક્ષશીલ ઇંદીરા અને પુરૂમા કલહ કરાવવાની યુક્તિ રચે છે, પોકલસીંહને ગામડીયાનો વેશ કરી કપટ પત્ર આપવા પુરૂરાજ તરફ મોકલે છે. મુબારકબાદી ગાનતાન, સીકંદરે ઇંદીરાને બોલાવવી, પુરૂરાજના મૃત્યુની ખોટી ખબર આપી તક્ષશીલ સાથે પરણુવા ફરમાન કરવું, ઇંદીરાએ તેથી આઘાત પામવો, તક્ષશીલને ધીક્કારવો, કસોટી કરી ઇંદીરાપર સીકંદરે મનમાં ખુશ થઇ તેને ઉપરથી દમકસી તક્ષશીલને પરણુવાનો વિચાર કરવા માટે એક રાતની મુદત આપવી. શાહનું જવું, તક્ષશીલે ઇંદીરાને સમજાવી દમ દેવો. ઇંદીરાએ દઢતા જણાવવી, બળાત્કારની તૈયારી, સરોજનું અચાનક આવવું, ઇંદીરાને બચાવી તક્ષશીલને કેદકરવો.

ટેબ્લો.

પ્રવેશ ૪ થો—સ્થળ, પુરૂરાજનો મુકામ જખમી હાલતે પુરૂરાજ નીયતીની વીચીત્રતા વીચારે છે, પોકલસીંહનું ગામડીયાના વેશે આવવું,

પુરૂરાજને પત્ર આપવો. પુરૂરાજે પત્ર વાંચવો, ઇંદીરાનો તક્ષશીલ-પરનો પત્ર છે એમ જાણવું, પત્રની બીનાથી કોપીત તથા ઉદાસી થવું, ઇંદીરા તક્ષશીલના પ્યારમાં છે, એવો વ્હેમ. પત્ર પાછો આપવો. પોકળે ભુલથી પત્ર અહીં આપ્યો છે એમ ખુલાસો કરવો. અને પત્ર લઈ જવો. ઇંદીરા તથા સુંદરી આવે છે, ઇંદીરા તરફ પુરૂરાજની ખાતરાજી ખુલાસો. ઇંદીરાની દલીલ. પુરૂનો તીરસ્કાર. ઇંદીરાનો અફસોસ અને સીકંદર રૂબરૂ સચ્ચાઇ જાહેરમાં લાવવા ઠરાવ જણાવીજવું.

પ્રવેશ ૫ મો—રાહુમલનું મકાન, ગુણવંતી સુહાસિની તથા પોકળસીંહ રાહુમલને ઠેકાણે લાવવાની રચના રચે છે. પોકળસીંહ રાહુમલનો વેશ લે છે, રાહુમલ આવે છે તેને નકલી તરીકે બનાવે છે. અસલ રાહુમલ તરીકે પોકળસીંહ રજુ થાય છે રાહુમલને આશ્ચર્ય અને જુઠાણામાં સપડાયા સંબંધી ખેદ, રાહુમલે પોતાનું ખરાપણું કહેવું, સહુએ તેને ફટકા મારી કાઢી મુકવો રાહુમલે નીરૂપાયસુહાસીનીને ચાહનાર પોતેજ છે, એમ કબુલ કરવું, હમશીકલ (મળતા ચ્હેરાનો) ગોટાળો સમાપ્ત થવો. ગોટાળાના કારણરૂપ પરસ્ત્રી લંપટપણાના અપરાધ માટે પશ્ચાતાપ. બન્નેએ પોતાની પત્નીઓની નેક ચાલ માટે શીલગીરી જણાવવી.

પ્રવેશ ૬ ઠો—સ્થળ, તક્ષશીલના મહેલમાં દીવાનખાનામાં પુરૂરાજને બોલાવી છેવટ કસોટી કરી મીત્રતા કરવાનો સીકંદરનો વીચાર. પુરૂરાજને તેડી એપ્લીસ્ટીયનનું જવું. વેશ બદલી કરી ઇંદીરાનું આવવું, ફરીઆદ કરવી. ન્યાય માટે સીકંદરનું વચનદાન મેળવી પોતાનું શીયળભંગ કરવાની પેરવી કરનાર સખ્સના સાક્ષી તરીકે સીકંદરપર ઇંદીરાએ તોહમત મુકવું, સીકંદરનો કોલ, ઇંદીરાનું જાહેર થવું, પુરૂરાજનું આવવું, તક્ષશીલનું આવવું. સીકંદરે ઇંદીરાને ઉપલક રીતે આમ, ઢોંગ—સોંગ કરવા

માટે દોષીત ગણુવી, પુરૂરાજપરનો પ્યાર તજી તક્ષશીલને પરણુવા કહેવું, પુરૂરાજને ઇંદીરાને તેની ફરજ પાડવા કહેવું, પુરૂરાજે તટસ્થ રહેવું, ઇંદીરાએ પુરૂરાજ તરફ પ્રેમ જાહેર કરવો, બાદશાહે પુરૂરાજને તટસ્થ રહેવા માટે તથા ઇંદીરાને હુકમ ન માનવા માટે ગુન્હેગાર ઠરાવી કેદ કરી વધનો હુકમ દેવો. ઇંદીરા તથા પુરૂરાજની ઉદાસીનતા દીક્ષા વ્હોરી લેવા તૈયાર થવું, સખ્ત કસોટી જલ્લાદોને ગરદન ધરવી સીકંદરનું તેઓની ધર્મનીતી અને દઢતા માટે અત્યંત પ્રસન્ન થવું. શીક્ષા માફ. પ્રેમથી ભેટવું અને નેકીના બદલા તરીકે મીત્ર બનાવી સમગ્ર પંજાબનું રાજ્ય અર્પણ કરવું. આ બનાવથી અંબાલીકા તથા તક્ષશીલનું દ્વેષે ભરાવું, પોતાના ઇનામની માગણી, શહેનશાહે તેઓને તેઓનાં કૃત્યનું ભાન કરાવવા ઇનાનને બદલે અપરાધી જણાવવો તેથી ઉશ્કેરાઇ જઇ તક્ષશીલ સીકંદરપર હુમલો કરે છે, સીકંદર તેને ઠાર મારે છે.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—સ્થળ કોઇમાં પર્વતમાં રાજમહેલ. ઇંદીરા પુરૂરાજે તીરસ્કાર કર્યા સંબંધી શોચમાં. સાહેલીઓનો વીનોદ પ્રસંગ, કેદી અંબાલીકાને લઇ સીકંદરનું આગમન, કપટપત્ર રજુ કરવો. અંબાલીકાની મુખજુબાની, પુરૂના મનનો સંદેહ જવો, અંબાલીકાનો ન્યાય, પુરૂરાજના માનને ખાતર અંબાલીકાને મારી. ઇંદીરા પ્રત્યે પુરૂરાજે પ્રણયમાં વ્હેમ કર્યા માટે ક્ષમા માંગવી, અભેદ પ્રેમ.

પ્રવેશ ૨ જો—સ્થળ સરોજનો ઊતારો, સુંદરી સરોજનું આનંદી મીલન, લગ્ન માટે ઇંદીરા દેવીની આજ્ઞા મેળવવાનો પ્રયત્ન કરવાનો ઠરાવ, પુરૂરાજનું આવવું. અંબાલીકાની હીલચાલપર નજર રાખવા સરોજને મોકલવો.

પ્રવેશ ૩ જો-સ્થળ તક્ષશીલનો મહેલ. અંબાલીકા સીકંદરે પોતાના ભાઇને માર્યો. તે માટે તથા પોતાના અપમાન માટે વૈરના વીચાર કરે છે. પોકળસાંહ તથા રાહુમલે તેમાં મદદ કરનાર તરીકે ગ્રીસ સરદાર કે જેને સીકંદરે શીક્ષા કરી હતી, તેને લાવી મેળવેલો છે. તે સર્વ મળી સીકંદરના ખુનનો ઠરાવ કરે છે, અને તે ખુન કરાવવા માટે સીકંદરના અંગરક્ષક સૈનીક અમલદારને કહેવામાં આવે છે. અંગરક્ષક એ અમલદાર આ કામ માટે ના કહે છે. જેથી અંબાલીકા તથા સરદાર અમલદારોનું ખુન કરવા તત્પર થાય છે. અચાનક ગુણવતી આવી પહોંચે છે, તે પાપી કામમાં આડે આવે છે. શાહી અમલદારોનું ખુન સરોજનું આવવું ભેદ જાણી લઇ શાહને બાતમી પહોંચાડવા જવું.

પ્રવેશ ૪ થો—સીકંદરની છાવણી, સીકંદરને પુરૂરાજ તથા સરોજ આવી કાવતરાની જાણ કરે છે, યુકિત ગોઠવવી, સર્વેનું છુપાઇ જવું, ખુનીઓનું આવવું, સીકંદરની જગોએ સીકંદરના બાવલાપર ઘા, સીકંદર તથા પુરૂરાજે ખુનીઓને પકડયા.

(ટેબ્લો.)

પ્રવેશ ૫ મો—સ્થળ શાહના ખુનના અંજામની વાટ જોતા રહેલા પોકળસીંહ તથા રાહુમલને સરોજસીંહ તથા એલપીસ્ટીયન સફાઇથી પકડે છે.

પ્રવેશ ૬ ઠો—સીકંદરનો દરબાર, સીકંદર પુરૂરાજ તથા ઇંદીરા વીગેરે સમક્ષ પકડાએલ અંબાલીકા તથા ગ્રીસ સરદાર વીગેરેને લાવવામાં આવે છે પાપીઓનો ન્યાય, પાપીઓનો પૂર્ણ પશ્ચાતાપ. દેશદ્રોહી અંબાલીકાનો મરીને પ્રાયશ્ચીત કરવાનો ઇરાદો. સ્ત્રીજાત જાણીને તેને બચાવવા સીકંદરનો ઇરાદો. પુરૂની તેમાં સંમતી. આનંદ પ્રસંગના માનમાં ગુન્હેગારોને ક્ષમા. સીકંદરે નેકીવંત ક્ષત્રીનરોની કદર બુઝી. પુરૂરાજની મીત્રતાની સલામતી તથા પુરૂરાજ અને ઇંદીરા તેમજ સરોજ સુંદરીનો હસ્તમેળાપ શુભાશીર્વાદ ઇતીશુભમ.

શ્રી વીરકેશરી નાટકની પાત્ર સંકલના.

પુરૂષ વર્ગ.

સીકંદર... ... ... (મહાન અલેકઝાન્ડર)	ગ્રીસ દેશનો જગતજીત બાદશાહ.
પુરૂરાજ (પૌરસ) ...	પંજાબ લાહોરનો મહારાજા.
તક્ષશીલ	પંજાબ પૈકી એક ભુપતી.
એલફિષ્ટન	સીકંદરશાહનો દુત
ગ્રીસીય સરદાર... ...	સીકંદરનો અંગરક્ષક અમલદાર.
તેગસીંહ	ઇંદીરા કુમારીનો સેનાપતી.
સરોજસીંહ	તેગસીંહનો પુત્ર
પોકલસીંહ ... ... / રાહુમલ	તક્ષશીલના ખંડીઆ રાજાઓ

સ્ત્રી વર્ગ.

ઇંદીરા દેવી	કોહીમા પર્વતની રાણી.
અંબાલિકા	તક્ષશીલની બહેન
સુંદરી...	ઇંદીરાની સખી
સુહાસીની	પોકલસીંહની સ્ત્રી
ગુણવતી	રાહુમલની સ્ત્રી

સ્થળ—પંજાબ—લાહોર—તક્ષકનગર.

શીવાય દરબારી, લશ્કરી, શહેરીજનો, દ્વારપાળ અને વારાંગનાઓ વીગેરે.

શ્રી ૐ

વીર કેશરી

નાટકનાં ગાયનો.

સુત્રધાર— ૧

ૐશ્રી બંસીધારી બ્રજપતિ બનમાલી
બલીહારી બલીહારી વંદુ વહાલા વારી વારી
મંગલ મુરત પ્રભુ પ્રિતી વારીધી
પાહી પાહીહે પ્રાર્થ સારથી શ્રેયના નીધી
તવકૃતિ રસવતી કરકરધારી હરિ સુણી વિનંતી
મહદ વરદ પદ તમારૂ સફળ કરો—સીદ્ધ કરો
કામના હે શ્રીપતિ—

બાળાઓ— ૨

તીર તરકસ તન ધરીને શુરવીર રણધીર આવ્યા
દેવ દુદુંભી ગડગડીયાં પ્રીતેથી સુર સુંદરીએ વધાવ્યા
અટલ અડગ ભીષણ પણ દેશ હીત લીધ.
કેસરીયાં કરી રણમાળા ધરી અભય પ્યાલા પીધા
શીર સોપ્યાં દેશ દાઝમાં સુખે સુયશ વહોરી લીધા
જગ અમર નામ કીધાં એવા દેશ ભક્તએ—તીર૦
સ્વતંત્રતામાં પૂર્ણ પ્રભાકર કેસરી બળવંતા

ધર્મ નિતિમાં ધ્રુવ ધુરંધર મહારથી મહમાતા
હિંદ માતાના પુત્ર પનોતા અનમીને અટંકા
દેશો દેશ દીધા ડંકા એવા બહાદુર બંકાએ—તીર૦

રાજ મંડળ— ૩

જય રહો જય રહો હીંદના નરેશનો સ્વદેશનો
સદાય જય રહો.
હાં દેશની સ્વતંત્રતા શ્રેષ્ઠતા સ્વાધિનતા
કાયમ દાયમ રહો— જય રહો.
માતૃ સેવાના પ્રસાદથી ધર્મ નીતિના પ્રતાપથી
યશ વરો શુરનરો જંગે ચડો—

ઈંદીરા— ૪

ખરા તે હીંદના સંતાન, લડે જે હીંદને કાજે
લડે જે હીંદને કાજે. મરે જે હીંદને કાજે
ડુબાતો દેશને દેખી, ચડે વારે ઉમંગેથી
પ્રભુ કે બાદશાહોથી, ઝુઝે જે હીંદને કાજે
ન મોહ માયા મહોબતમાં, ન લોલે માલ દોલતમ
જીવન જર પ્રાણ સૌ પલમાં, તજે જે હીંદને કાજે
યતો ધર્મ સ્તતો જય છે, કરો યાહોમ શો ભય છે.
અમર તે થાય નિશ્ચય છે, મરે જે હીંદને કાજે.

ગુણવંતી— ૫

અરે આ હીંદ હિતેચ્છુ હીંદના લગનની રીત સુધારો
લાયક જોડલા મેળવો જેથી થાય સંસાર સુખાળો—અરે.

બાળ વિવાહ ને વૃદ્ધ વિવાહ કે પૈસાના વિવાહ થાય
ગુણુ સ્વભાવ વિરૂદ્ધ વિવાહથી દેશનો દાટ વળાય
હાય લાગે અંતર લ્હાય—અરે૦
હીરાના હાર ને મોતીની માળામાં નથી સંસારમાં સુખ
અમો જેવી નવ યોવના નારીને જુગતી જોડી વિના
દુઃખ દુઃખ સંસાર માહે ન સુખ—અરે૦

ગુણુવંતી—— ૬

આપ પાપડ વાડીમાં પધારજો લ્હેરીલાલ
મંદીરની સામે મકાન છે, નીચે દેશી દારૂની દુકાન છે.
રંગરંગીલા ચાલ મારી પાડેશમાં તુળશી કયારાનુ નીશાનછે
(છજામાં) તુળશીના ઝાડનું નીશાન છે—લ્હેરીલાલ૦
અખંડને અભંગ આજ સાંજ પહેલાં આવજો
હડતાળવાળાનું તોફાન છે જબરૂં હડતાળવાળાનું
તોફાન છે——લ્હેરીલાલ૦

પોકલ—જોખમ ભરેલું કામ પુરી પંચાત છે ધાસ્તી છે
આફતમાં જાન છે, મારા બાપ ધાસ્તી છે——લ્હેરીલાલ૦

અંબાલીકા—— ૭

સુંદર ગોરી ગોરી છબી આ લાગે પ્યારી
હાંરે મારા પ્રેમી પાતળીઆજી તનમન તમપર વારી
પ્રણુય પરિક્ષક છો દીલદરીઆ દર્શ પામી મુજ લોચન
ઠરીયાં.
પ્રીતે પળજો સુખકર નૌતમ ન્યારા
ના ભુલી જાશો મનહર મોહન મારા
હાંરે મન મંદીરમાં વસીયા બની પ્રીયની પુજારી

સાહેલીઓ— ૮

રે બની જુવતી જોબન ઉભરાતી
સુંદર શું સોહાતી, મદન મદમાતી–રે બની
મનહર મયંક મુખ મુગ્ધા મધુરી
અલબેલી ઇંદ્રની પરી
ખંજન નયન નેહ ભીનાં રસીલા
ભ્રકુટીમાં ભુરકી ભરી મોહન મંત્ર મારે છે જાદુગરી
ગૌરઅંગ રંગ ઢંગ દેવ સુંદરી—બની

સાહેલી–સુંદરી— ૯

સાહેલી–મીઠા મીઠા રસ પ્યાલા પાશે રસીલા લાલા
સુંદર–અરે જારે જા જાણ્યા સહુ ઢંગ વમારા
સાહેલી–આનંદે લેશો દેશો રસિકા રતિ લ્હાવા
સુંદરી–જાણું ના કાંઈ બાઇ વેણુ શું વદો આવા
સાહેલી–પ્રિયતમ તનમન હરનારા
નટખટ છલબલ ભરપુર રસખાણુ જ્ઞાન વાન
સુંદરી–છોડો ચાળા–મીઠા

સુંદરી સરોજ— ૧૦

સુંદરી–હાંહાંરે દર્શન દેજો રે સુધ લેજો રે છબીલા પ્રીય પ્રાણુ
સરોજ–હાંહાંરે હરદમ તારીરે રઢ લાગીરે માર્યાં તે મોહબાણ
સુંદરી–હાં પ્રીયતમ અનુપમ છો નગીના મારા તનમન છું કુરબાન
સરોજ–હાં દીલભર અમુલખ છો હૈયાના હીરા સુખકર છો
રસખાણુ—હાંહાંરે૦

સુંદરી—સોભાગ્ય શણુગાર મારા તનમનના માલીક મારા
સરોજ—પ્રીતિની પીયુસધારા પ્રીયતમના જીવન પ્યારાં
સુંદરી—વારી વારી જાઉં હું બલીહારીરે મન મોહન લાલા
સરોજ—પ્યારી પ્યારી લાગે શી છબી તારીરે દીલ હરણી દારા
સુંદરી—પાઇ છે પ્રીમ બુટી
સરોજ—દીધું છે દીલ લુંટી
સુંદરી—એમ ?
સરોજ—હા.
સાહેલીઓ— ૧૧

ગરબો.

હાંરે ભાવ ધરીને ભજામી ભવ્ય ભારતી માતા
દયામયી દેવી તમારાં જયકર ગીતો દેવતા ગાતા
માતા તવ સૈજન્ય સાગર સૃષ્ટીપાર રેલી રહયો છે
વિભુતીનો સૌરભ સુંદર લોકાલોકી રહેલી રહયો છે
નમામી વિશ્વ વિજેતા દે સુખશાતા વહાલી વીધાતા—હાં૦
જનુની અરજી ઉરમાં ધરજો વરદા વીમલા કરૂણા કરજો
પરદેશી તણા હુમલા હરજો જય કીર્તિ સુલેહ સદા મળજો
સહુ આર્ય મહીં સુબ સંપ થજો છળભેદ વીશાદ પ્રમાદ જજો
ચીરકાળ અમારૂં સ્વરાજ્ય રહો અમીવૃષ્ટી કરી દુખ દવં દહો
ધર્મનીતિ ચાતુરી હીંદને નિવાજો ઉન્નતીના શીખરે ભારત બીરાજો
ન્યારી ન્યારી જાહોજલાલી આપો આઇ પ્રીય કરનારાં—હાં૦

ઈંદીરા— ૧૨

હાંરે રણધીરા શુરા રાજવીએ
રણમાં રંગાઈ ઘેલાં કીધાં—
તનમન વારૂં હું મોતીડે વધાવું
માળ વિજયની ધરી ધાવું રે·
અમુલ્ય આ દેશની સેવા
કરી નામ અમરજ લીધાં
અમને તો વિરહબાણુ દીધાં રે—

ઈંદીરા— ૧૩

હું પદ તજો હરામી દુનીઆ નથી સદાની
જર જોર ને જુવાની સહુએ થવાની ફાની
સાચી સલાહ માનીરે કરણી કરો મજાની
મમતા મુકોને પ્રાણી સહુ અંતે ધુળધાણી
આ જુઠી જીંદગાનીરે સ્વપ્ના સમી લ્યો જાણી
કોઈ આજ કોઈ કાલે પરલોક પંથ ચાલે
જમદુત આવી ઝાલેરે દુનીયા ડુબી :જવાની

૧૪

સુહાસીની–કેવો ખાધો ગોળ સાટે ખોળ હાંરે ધીક ધીક
હરાયા ઢોર હવે તમે હાથમાં આવ્યા ચોર
તમને જોઈ હંલાજી
ચોકળ હું–જોતો જરા જોતો હતો હું તાલ તમો આવું જુઠું
ચઢાવોના આળ

રાહુ—જુઓ મારા કરડી ખાધા ગાલ પુરાવો સાફ છે હાજી
સુહાસીની—છટકામાં ઉંદર
રાહુ—ફાવવા જતાં ફસાઈ પડયો
ચોકળ—આવી છે આફત આમ
રાહુ—કેવી દીધી થાપ બેટાજી—
ચોકળ—પાજી આવી દગલબાજી—

અંક બીજો.

વારાંગનાઓ— ૧૫

જયવીર મહા રણધીર સીકંદરશાહ સદા જયવંત રહો
દીલ રહેમતે પ્રેમથી પુર્ણ રહો બળ બુદ્ધિ પ્રતાપ અનંત રહો
યશ સુયશ છવાઈ રહો તુજ ગાન ગુણીજન ગાઈ રહો
તુજ આણ અખંડ દીપાઈ રહો નીત મંગળ હર્ષ વધાઈ રહો

ગુણવંતી— ૧૬

થન ગન થૈયા (૨) નાચો નચૈયા નાચો
સાધીને સુરતાલ ગદીન ગીનધા (૩) હા હા
તમે વેશ મઝાનો લાવ્યા
રાહુમલ—તમે લાગો છો હડકાયા
ગુણવંતી—તમે ભલા લાગમાં આવ્યારે
ઠીક આવ્યા ખુબ આવ્યા બેશ આવ્યા
ચોકળ—લાફાનો ખાવા માર—થન ગન

ગુણવંતી—તમે પુરા નસીબશાળી
રાહુમલ—મળી તક સોનેરી સારી
પોકળ—અમો ફરયા જોઈ પરનારી રે હાય નારા
વોય નારી ઉફ નારી
ગુણવંતી—ઓરા આવોને લાલ
રાહુમલ—ગદી ગીનધા (૩) થનગન

ગુણવંતી— ૧૭

ઠાકોરશ્રી ઠેકાણે આવ્યા
બહુ પસ્તાયા દોડી દોડીને ધરાયા—ઠાકોરશ્રી
સુહાસીની—આશીરવાદે અર્થ સરેના ભયથી કામ સરે છે
એ ન્યાયે અમ સ્વામી નાથને જુગતીથી સપડાવ્યા
શરમાવ્યા સમજાવ્યા-ઠાકોરશ્રી
ગુણવતી-સીધી આંગળીએ ઘીના સાંપડે
વાંકી બીજ પુજાએ શઠના સાથે શઠતા કરવી
એ જગ વચન વદાયાં વંચાયા કહેવાયા-ઠાકોરશ્રી

ઈદીરા— ૧૮

બાંધી આશા પ્યારા તારા પ્રેમમાં
નષ્ટ આશા આજે મારા પ્રેમમાં
સખ્ત મુશ્કીલ ધર્મ સાચા પ્રેમનો
કાઢી આપું પ્રાણ પ્રેમમાં
જેને વીતી તેજ જાણે આ સીતમ
દર્દ દીલની લાગી જ્વાળા પ્રેમમાં
દીલમાં આવે છે કે જોગણ હું બનું
થઈ દીવાની દીનદારા પ્રેમમાં

પોકળ-ગુણવંતી— ૧૯

જોખોરે ફુટકાથી જોખો (૨) પુરેપુરો હાં પોખોરે
તમે કરી નાંખોને ચોખો ફુટકાથી જોખો

રાહુમલ—જોજોરે દુનીઆના લોકો જોયા જેવો મોકોરે
આની ક્યાં મુકવી પોકોરે દુનીઆના લોકો
શીયાળવું ઘર ધણી થઇ બેઠુ બંબે બંબજ ચાલ્યુ

ગુણવતી—જુઠ બોલવા જાતાં જો જો ઉલટુ ઉંધુ માર્યું

પોકલ—અસલી પીટાય બંદો નકલીયો હરખાય

રાહુમલ—બેરૂ આંધળે કુટાયરે દુનીઆના લોકો-જોખોરે.

સુહાસીની-ગુણવંતી— ૨૦

જુઓ અમે અબળાના કામ,
અબળા પણ પ્રબળા કહાવીએ.
ચીજ અજાયબ નોતમ નારી,
નારી સંસારમાં સ્વર્ગની બારી.
રંગમાં ઢંગમાં રસની ક્યારી,
લટકે મટકે કામણગારી
જારી વીજારી ચરિત્ર ચલાવોએ,
એક ઈશારામાં દુનીયા ડોલીવીએ,
દષ્ટીમાં દુનીયા ડોલાવીએ

ઈંદીરા— ૨૧

જબ દીલ ન હો કાબુમેં તો ક્યા મેરી ખતા હય યેહ શાનેખુદાહય
ચાહ હય જો મહોબ્બતમેં કીસીને કહા હય આફતે હય બલાહય

આઝારે મહોબ્બતસે તો અલ્લાહી બચાએ યેહ ગમ ન દીખાએ
યેહ દર્દ વહિ હય જીસકી નહી કોઇ દવા હય બેકાર દુઆં હય
શાયદકો લગે કોનસે અંદાઝ તો દેખે કુછ ગોર તો કરો
મરતા હય તો મરનેકે સીવા કોન જીયા હય આખરકો ફના હય

ડ્રોપ

અંક ત્રીજો.

રજપુતો— ૨૨

શાંતી મળી સુલેહ થઇ જય બોલો સહુ મહારાજ તણો
જુગ જુગ જીવો શ્રી શહેનશાહ અવિચળ રાજને તાજ રહે
હે શ્રી મોરારી મ્હેર તારી ભીતિ નીવારી છે સુખકારી
અમન ચમન લ્હાવ લ્યો શાંતી.

ઈંદીરા— ૨૩

હાં....છેલા અલબેલા સાહેબા,
પુરૂ—મોહની લગાડી લલના,
ઈંજેરા—થયા છો પતિ આ તનના
ચરણ શરણ તમ તારણ તરણ મમ.
હાં....રૂડા રઢીઆળા શામળા—હાં છેલા
રતિને કામ જેમ એક રૂપ પ્રેમમાં છે
પુરૂ—પુરૂના પ્રાણ પ્યારી ઈંદીરાના પ્રેમમાં છે
ઈંદીરા—રસીલા રામ મારા સર્વદા સમીપ રહેજો
પુરૂ—સજની મમ ઉર્વશી સદા પ્રિતિનું દાન દેજો

ઘડી પણ નવ કરૂં ન્યારા સુખકર સુંદર વર મારા
મગન મગન મન વરસ્યો આનંદ ઘન
હાં.......રૂડા રઢીઆળા શામળા—હાં છેલા

સુંદરી— ૨૪

બની સુંદર અલબેલા લાલ, ધરીને વ્હાલ
આવો ઉંમંગમાં

સરોજ—બન્યો આતુર અલબેલી આજ, સફળ કાજ
આનંદ અંગમાં—બની
નવલ પુરી લગાડી તું કૃતાર્થ કરી

સુંદરી—નવલ વેલી પ્રેમ તરૂવર સાથ વરી
સુણી અમૃત સમ વેણુ પ્રાણુ છે ગુલતાન
પ્રીતિ તરંગમાં બની સુંદર-
કામણુ કર્યાં શાં કહોને છબીલા, ભામાને ભોળવી આમ

સરોજ—ઉત્તમ અમુલા ગુણે કરીને, ગોરી કર્યો તેં ગુલામ

સુંદરી—મુખના મધુરા જાઓ જાણું છું ધુતારા—બની.

નાચનારીઓ— ૨૫

બાલી ભોલી પડોસણુ દે ગાલીયા
તોહે શરમ કુછ ન આવે પત જાવે
હસાવે સબ નારીયાં—બાગી ભોળી
મેંદી લગાકર દ્વાર ઠાડી પડોશણુ
ક્યારે સમજ કે ઉસે પ્યારે રસિકરાજ
દીની હાથોપે તુને તાલાયાં—બાળી.

૨૬

સહુ—
આફતનો જમાનોં આવ્યો ભારે ઉપજ્યો છે.
નથી ઉગરવા આરો યારો આમ આફત છે

ગોકુળ—ઢોર હુરાયા ડબે પુરાયા અંકે નંગ બે
કડાં લોઢાનાં જડયાં હાથમાં ઠણુકણુ ઠણુકણુ કે
પાપી કયાં જઇને કે તેને કોઇ દાદ ના દે
યારો આમ આફત છે

સરોજ—કરણી તેવી પાર ઉતરણી ખોટે તેજ પડે
ભલાં ભુંડાંનો બદલો ભગવત દીધા વીના નારે—પાપીકયાં

એકુસ્ટિયન—વેશ કર્યાં બહુ રૂપી બનીયા લંપટતા કાજે
મોટાં ઘરના થયા પરોણા સપડાયા અંતે
હવે કોઇ દાદ ના દે તારો થયો પાપથી બે—યારો આમ

ઈંદીરા—

૨૭

થવાનું ના થવાનું કહે, નજુમી કોણુ એવો છે,
ન જાણ્યું જાનકી નાથે, સવારે શું થવાનું છે ?
હતી શલ્યા રૂપે અહલ્યા, જગતમાં વાત જાહેર છે,
ન જાણ્યું જ્ઞાની ગૌતમે, સવારે શું થવાનુ છે ?
હતા કૌરવ અને પાંડવ, જગતમાં મહાબળી યોદ્ધા,
ન જાણ્યું ભીષ્મ જેવાએ, સવારે શું થવાનું છે ?
રમ્યા જુગટું. સહુ સાથે, વિભુતી સો ગયા હારી,
ન જાણ્યું ધર્મ જેવાએ, સવારે શું થવાનું છે ?